# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-08-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, સ્વર્ણિમ્ સંકુલ એક ખાતે યોજાયેલી બેઠકમાં રાજ્યમાં વરસાદ ખેંચાતા પીવાના પાણી અને વાવેતર, ખાતરની અછત અને 15મી ઑગસ્ટના આયોજન અંગે સમીક્ષા કરવામાં આવી.

. . . . . . . . . . .

# PRAFUL PANSERIYA ON SCHOOL LEAVING

શાળા છોડ્યા અંગેના પ્રમાણપત્ર મેળવવા અંગે શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ સ્પષ્ટતા કરી છે કે ગુજરાત રાજ્યની કોઈપણ શાળામાં "શાળા છોડયાનું પ્રમાણપત્ર માટે કોઈપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો નથી.. જો કોઈ શાળા દ્વારા આ પ્રમાણપત્ર માટે નાણાં માંગવામાં આવે, તો તરત જ તાલુકા કે જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) ને લેખિત ફરિયાદ કરવા રાજ્ય શિક્ષણ મંત્રીએ વાલીઓ અને વિદ્યાર્થીઓને અપીલ કરી છે.

(બાઇટ- પ્રફુલભાઈ પાનશેરીયા, શિક્ષણ રાજ્ય મંત્રી)

. . . . . . . . . . .

# VETERINARY COLLEGE

કેન્દ્ર સરકારે સાબરકાંઠાના હિમ્મતનગર ખાતે નવી પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયને મંજૂરી આપી છે. વર્ષ 2025-26થી આ મહાવિદ્યાલયમાં 80 બેઠક પર પ્રવેશ માટેની પ્રક્રિયા આવતા મહિનાથી શરૂ થશે. 23 એકર વિસ્તારના આ પરિસરમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત અભ્યાસ સાથે વિદ્યાર્થીઓ માટે રહેવાની સુવિધા ઉપલબ્ધ છે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, પશુ ચિકિત્સાના અભ્યાસ માટે આણંદ, નવસારી, જુનાગઢ અને દાંતિવાડા બાદ રાજ્યનું આ પાંચમું મહાવિદ્યાલય છે. ધોરણ 12માં ઉત્તીર્ણ થયા બાદ પરીક્ષાના આધારે મહાવિદ્યાલયમાં પ્રવેશ મળશે.

. . . . . . . . . . .

# PENSION ADALAT

પેન્શનને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે અમદાવાદની ખાનપુર સ્થિત મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત સર્કલની કચેરી, ખાતે 26મી ઓગષ્ટને મંગળવારે 11.00 વાગે પેન્શન અદાલત યોજાશે.

આ અદાલતમાં નીતિ વિષયક મુદ્દાઓ સિવાયના પોસ્ટલ પેન્શનને લગતા મુદ્દાઓ સબંધિત ફરિયાદો સાંભળી નિકાલ કરાશે. વધુમાં જે મુદ્દા

પ્રાદેશિક પેન્શન અદાલતમાં સાંભળવામાં આવ્યા છે પરંતુ જેનું નિવારણ થયું નથી તેવા મુદ્દા જ આ પેન્શન અદાલતમાં સાંભળવામાં આવશે.

પેન્શન સંબંધિત અદાલતમાં રજૂ કરવાની ફરિયાદો આસિસ્ટંટ ડાયરેક્ટર પોસ્ટલ સર્વિસીઝ-7, એકાઉન્ટ અને પેન્શન વિભાગ, મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલની કચેરી, ગુજરાત સર્કલ, ખાનપુર અમદાવાદને 19મી ઓગષ્ટ મંગળવાર સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે.

. . . . . . . . . . .

# HAR GHAR TIRANGA

**(MUSIC- HAR GHAR TIRANGA)**

રાજ્યભરમાં “હરઘર તિરંગા” અભિયાન હેઠળ ત્રિરંગા યાત્રા યોજાઈ રહી છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પોતાના આવાસ પર ત્રિરંગો લહેરાવી આ અભિયાનમાં જોડાયા.

છોટાઉદેપુર જિલ્લા પોલીસ દ્વારા આજે નગરના પેટ્રોલ પમ્પ ચાર રસ્તાથી ત્રિરંગા યાત્રા યોજાઈ, જેમાં મોટી સંખ્યામાં પોલીસ જવાન જોડાયા હોવાનુ જિલ્લા પોલીસ અધિક્ષક ઇમ્તિયાઝ શેખે જણાવ્યું હતું.

ગીરસોમનાથના વેરાવળમાં જિલ્લાકક્ષાની ત્રિરંગા યાત્રા યોજાઈ, જેમાં સીદી ધમાલ નૃત્ય, હૂડો, મણિયારો, સહિતની સાંસ્કૃતિક કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ અંગે કલેક્ટર એન.વી.ઉપાધ્યાયે વધુ માહિતી આપી.

**(BYTE-N.V.UPADHYAY, COLLECTOR, GIRSOMNATH)**

વલસાડમાં  પોલીસ અશ્વદળ, મોટરસાઈકલ દળ, વિવિધ પોલીસ પ્લાટૂન, ગૃહરક્ષક, ગ્રામરક્ષક દળ, ટ્રાફિક દળ અને પોલીસ બૅન્ડ સહિત ચાર હજાર જેટલા લોકો ત્રિરંગામાં જોડાયા હતા.

ભાવનગરમાં રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે નંદકુંવરબા મહિલા મહાવિદ્યાલય દેવરાજનગર દ્વારા યોજાયેલી ત્રિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા.

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામમાં બાલનાથ મહાદેવ મંદિરથી વડાગામ બજાર અને ગ્રામ પંચાયત સુધી ત્રિરંગા યાત્રા યોજાઈ, જેમાં ભાજપના નેતાઓ સહિત જિલ્લાના અધિકારીઓ અને ગ્રામજનો જોડાયા હતા.

આણંદ જિલ્લામાં હરઘર તિરંગા અભિયાન હેઠળ શાળાના વિદ્યાર્થીઓએ દેશના વીર જવાનોને પૉસ્ટ કાર્ડ દ્વારા શુભેચ્છાઓ પાઠવી.

ડાંગના સાપુતારામાં યોજાયેલી ત્રિરંગા યાત્રા નૉટિફાઈટ ઍરિયા કચેરીના પ્રાંગણથી શરૂ થઈ અને ગિરિમથકના સ્વાગત સર્કલ ખાતે પૂર્ણ થઈ.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં દીવ નગરપાલિકા દ્વારા હરઘર તિરંગા અભિયાન હેઠળ આજે સાંજે બાઈક રેલી યોજાશે.

. . . . . . . . . . .